## પ્રશ્નપત્ર

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

૦૧ : નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૨૦ ગુણ)

૧.૧ ભારતની કુદરતી સંપત્તિ – વૈવિધ્ય અને વિશેષતા

૧.૨ વન અને નગર – સામ્ય અને વૈષમ્ય

૧.૩ દિલ્લીનું પ્રદૂષણ – સમસ્યા અને ઉપાય

૧.૪ "પ્રકૃતિ, તું શું કરે? મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે"...

૧.૫ પક્ષી-લુપ્તતા – પરિબળો અને ઇલાજ

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૨ : નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે પંક્તિઓનો આશરે ૧૦૦થી ૧૫૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૦૫ ગુણ × ૦૨ પંક્તિઓ) (૧૦ ગુણ)

૨.૧ વનસ્પતિ નહીં, ન વેલ, નહીં વૃક્ષ જ્યાં ઝૂમતાં;
વિહંગ નહીં, રેડિયો ટહુકતો પૂરે વોલ્યૂમે...
નિરંજન ભગત

૨.૨ કેવી અહો! આ મન તણી છે સાધના,
(વા નેહની એને કહું આરાધના?)
કે જોઉં જેને બા'ર
તેને અંગમાં ને અંતરે હું અનુભવું!
રે સ્વપ્નમાં એ ઘાસનું એ ચહુદિશે
સુખદ એવું જોઉં છું હું ફરકવું.
– પ્રહલાદ પારેખ

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

૨.૩ નર્યાં ફૂલ વચ્ચે રહી રહીને થાક્યું,
હવે શબ્દ થઈને આ અંકાય પંખી.
પણે ડાળ આંબાની ટહુક્યા કરે છે,
પણે રાત આખી શું વેરાય પંખી.
હજી જીવું છું એનું કારણ છે એક,
હજી શ્વાસમાં એક સંતાય પંખી.

– રાવજી પટેલ

03 : નીચે આપેલ ગદ્યખંડનો (૧૭૧ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/3 ભાગમાં સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પોતાના લખાણ સિવાય બીજું વાંચી શકવાને કેવળ અસમર્થ એવા વર્ગનું આપણે ત્યાં અસ્તિત્વ હોવાનો મને ભય છે. આ અજ્ઞાનનો કેફ એ તો કલાકારને માટે આત્મઘાતક ગણાય. તમે જગતને શીખવવા કે આનંદ આપવા નીકળ્યા છો, તો આજ સુધી જે મહાપુરુષો શીખવતા કે આનંદ આપતા આવ્યા છે એમનો અવાજ તો બે ઘડી સાંભળી લો!

મહાન કલાસર્જકોનાં પગરખાંમાં બેસવાનો અધિકાર સિધ્ધ કલાકૃતિઓનાં સતત પરિશીલન વિના મેળવી શકાય કે કેમ, એ શંકાની વાત છે. અને એ વસ્તુ કલાકારે મેળે મેળે જ કરવાની રહે છે. કલાકારને પેદા કરવાની કોઈ નિશાળ હોઈ શકતી નથી. કલાકારે તો પોતે જ પોતાની યુનિવર્સિટી બનવાનું છે.

અપૂર્વ મૌલિકતાસંપન્ન કવિ શેક્સપિયર કોઈ મહાશાળામાં ભણેલો ન હતો. તો પછી એની કવિતામાં જે શક્તિ છે, તે આવી ક્યાંથી? કોલરિજ કહે છે: "એવા મોટા શેક્સપિયરે પણ પહેલાં ધીરજપૂર્વક અભ્યાસ કરેલો, ચિંતન કરેલું અને સૂક્ષ્મતાથી જગતને સમજવા પ્રયત્ન કરેલો. અને તે ક્યાં સુધી? એ જ્ઞાન પોતાની સમગ્ર સ્વાભાવિક લાગણીઓ સાથે ગૂંથાઈ ગયું અને પરિણામે ગંજાવર શક્તિને જન્મ આપી શક્યું ત્યાં સુધી."

મેથ્યુ આર્નોલ્ડે શેક્સપિયરને સ્વયંશિક્ષિત કવિ કહ્યો છે. કવિ નામને પાત્ર સહુ કોઈ સ્વયંશિક્ષિત હોય છે.

– સુરેશ જોષી

04 : નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ **x** ૫ પ્રશ્નો) (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

*

કપાઈ ગયાં છે મારાં ખેતરો, વચ્ચે પડી છે ઊભી સડક. ભરચક મકાઈમોલથી મલકાતાં એ ખેતરો વચ્ચે, રખવાળી કરવા દાદાએ બાંધેલા, ઊંચા છાપરિયા માળા ઉપર બેસીને અમે ભણતરના પાઠ ગોખતા ને ડોડા શેકી ખાતા. એ માળાનું ઉલાળિયું કરી મેલતી અને વગડાવાટે પડેલી કાળી નાગણ જેવી વળ ખાતી સડક ઉપરથી આજે તો ટનબંધ માલ લાદેલા ખટારા પસાર થાય છે. જે ખેતર વચ્ચે બે ભાઈઓ સાથે કામ કરતા હતા ને શેઢે બેસી બપોરનાં ભાતાં ખાતા હતા તે ખેતર વહેરાઈ ગયું. એક ખેતર ઓલી પા, એક આણી મેર. જુદા પડી ગયા બેઉ ભાઈઓ. ઉઘાડિયાં-ત્રિકોણિયાં કપાયેલાં ખેતરોમાં હવે મોલ લહેરાતા નથી, માળા બંધાતા નથી, નવી પેઢીનાં પોતરાં ત્યાં પાઠ કરતાં નથી ને ભાઈઓ ભેળા બેસીને ભાતાં ખાતા નથી. હું જોઈ રહ્યો છું વખતના ખેલ ને ભણી રહ્યો છું જીવતરના પાઠ...

**[...]**

બદલાઈ ગયું છે મારું ગામ. ત્યારે તો ચોમાસામાં લીલછાઈ જતી ટેકરીઓના ઢોળાવો ને સીમની લીલાશ જોતાં થતું કે મારો મલક રૂડોરૂપાળો છે. ને આજે? સાપણ સડકો ને વેરી વીજળીના તાર મારા ગામમાં એક વરવું 'વિલાયત' લઈ આવ્યાં છે. શહેર મારી ધૂળિયા શેરીઓમાં ડોકાવા લાગ્યું છે. પડસાળો પડી ભાંગી છે ને ગાલ્લાં પછીતમાં મુકાઈ ગયાં છે. બળદો વેચાઈ ગયા છે. ટ્રેક્ટરો ખેતરો ખેડે છે. હવે બાજરી-મકાઈના જમાના જ ગયા.

રોકડિયા પાક લેવાના, ને ખાવાનાં ધાન બજારથી લાવવાનાં. ખાવાનાં અન્ન પકવવાં મેલીને કણબી વરિયાળી વાવે છે – દૂરના મલકને મુખવાસ સારુ. દવાઓ છાંટીને ઝેર પકવવામાં લોકો માહેર થયા છે. હું કોઈ પરાયા મુલકમાં આવ્યો હોઉં એમ પેલી ધૂળી નિશાળને, બાવરો બનીને, આધાર પામવા શોધું છું.

– મણિલાલ હ. પટેલ

પ્રશ્નો

*

૪.૧ લેખકનાં શૈશવની સ્મૃતિઓ કેવી છે?

૪.૨ લેખક વર્તમાન અને ભૂતકાળ વચ્ચેના ભેદને કેવી રીતે વર્ણવે છે?

૪.૩ લેખક ગામમાં આવેલાં પરિવર્તનોની કેવી નોંધ લે છે?

૪.૪ લેખકની વતનપ્રીતિનું રૂપ કેવું છે?

૪.૫ લેખકનાં નિરીક્ષણો તમારામાં કેવાં સંવેદનો જન્માવે છે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૫ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ગુજરાત સ્થાપના દિવસે રાજ્યના રાજ્યપાલશ્રી 'વાવે ગુજરાત' અભિયાનના પ્રારંભની ઘોષણા કરવાના છે. આ અભિયાન અંગેની જાણકારી આપતું એમનું ઔપચારિક ભાષણ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૬ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

એક પર્યાવરણપ્રેમી પરિવારે 'ક ખ ગ' સામાજિક સંસ્થાને 'ટ્રી ટ્રાન્સપ્લાન્ટર મશીન'ની ભેટ આપી છે. આ મશીનની કામગીરી અને મહત્ત્વથી માહિતગાર કરતું સંસ્થાના પ્રમુખશ્રીનું પ્રચાર માધ્યમ માટેનું નિવેદન તૈયાર કરો. .

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૭ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નવી પ્રવાસન નીતિ ટૂંક સમયમાં જાહેર કરવાના છે. ગુજરાત કુદરતી સંપત્તિને લઈને સમૃધ્ધ છે. આ પાસાંને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા કેવી રીતે વધારી શકાય એ અંગેનાં તમારાં નિરીક્ષણો આપતો પત્ર રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૮ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ઉત્તરાયણના તહેવાર સંદર્ભે 'કરુણા અભિયાન' અંગે વ્યાપક સમાજમાં જાગૃતિ લાવવાના આશયથી 'દ ધ ચ' સામયિકના તંત્રીશ્રીને સંબોધીને ચર્ચાપત્ર લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૯ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

નીચે આપેલ ચિત્રથી પ્રેરિત થઈને ચિંતનાત્મક નિબંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10



૧૦ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

તાજેતરમાં તમે લીધેલી 'ટ ત છ' અભયારણ્યની મુલાકાતના અનુભવને વર્ણવતો અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૧ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

'સુજલામ સુફલામ જળ અભિયાન' યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલાં ભિન્ન કાર્યો અને પરિણામો વિશે રચનાત્મક આદાન-પ્રદાન કરતો પર્યાવરણવિદ્ 'મ ભ ત' અને વર્તમાનપત્રના તંત્રી 'દ ચ છ' વચ્ચેનો સંવાદ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૨ : આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

**Excellencies, friends, ladies and gentlemen,**

**It is 30 years since we started this work. Activities that devastate the environment and societies continue unabated. Today we are faced with a challenge that calls for a shift in our thinking, so that humanity stops threatening its life-support system. We are called to assist the Earth to heal her wounds and in the process heal our own – indeed, to embrace the whole creation in all its diversity, beauty and wonder. This will happen if we see the need to revive our sense of belonging to a larger family of life, with which we have shared our evolutionary process.**

**In the course of history, there comes a time when humanity is called to shift to a new level of consciousness, to reach a higher moral ground. A time when we have to shed our fear and give hope to each other.**

**That time is now.**

**The Norwegian Nobel Committee has challenged the world to broaden the understanding of peace: there can be no peace without equitable development; and there can be no development without sustainable management of the environment in a democratic and peaceful space. This shift is an idea whose time has come.**

**- Wangari Maathai (Nobel Lecture)**

૧૩ : સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૨x૧૦=૨૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

૧૩.૧ : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૩.૧.૧ ફાટીને ધુમાડે જવું

૧૩.૧.૨ ભાજી પાકવી

૧૩.૨ : કહેવતોનો અર્થ સમજાવો.

૧૩.૨.૧ એકનું નામ અને બીજાનું કામ

૧૩.૨.૨ ખાતર ઉપર દીવેલ

૧૩.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૩.૩.૧ લેભાગુ

૧૩.૩.૨ ચોમાસુ

૧૩.૪ : પંક્તિઓના છંદ ઓળખાવો.

૧૩.૪.૧ ધીમે ઊઠી શિથિલકરને નેત્રની પાસ રાખી.

૧૩.૪.૨ ના તારો અપરાધ, આમ ત્યજવા જેવો લગારે થયો.

૧૩.૫ : અલંકાર ઓળખાવો.

૧૩.૫.૧ કીધું કીધું કીધું મુજને કાંઈક કામણ કીધું રે!.

૧૩.૫.૨ કમળ જેવો ખીલતો દિવસ,પોયણા જેવી રાત.

૧૩.૬ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

૧૩.૬.૧ ત્રણ કાળનું જ્ઞાન.

૧૩.૬.૨ ગુણો વિનાનું.

૧૩.૭ : શબ્દોની જોડણી સુધારો.

૧૩.૭.૧ ચાંદુડીયાં.

૧૩.૭.૨ દુર્વીનીત.

૧૩.૮ : વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો.

૧૩.૮.૧ શાનુનાસીક-નીરનુનાશિક સ્વરોની સ્પષ્ટ શ્રેણીઓ વિકસે છે.

૧૩.૮.૨ ભાષા યાદૃચ્છીક વાચીક ધ્વનિઓ અને ધ્વનિશ્રેણીઓના એક સંઘટનાયુકત વ્યવસ્થા છે.

૧૩.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો.

૧૩.૯.૧ સંધિ જોડો – અનુ + એષણ.

૧૩.૯.૨ સંધિ છોડો – નિષેધ.

૧૩.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો..

૧૩.૧૦.૧ કર્તરિ વાક્યમાંથી કર્મણિ વાક્ય બનાવો – અમે તમારી વાત જાહેર કરીએ?

૧૩.૧૦.૨ કર્મણિ વાક્યમાંથી કર્તરિ વાક્ય બનાવો – બસમાં પચાસ છોકરાઓને બેસાડવામાં આવ્યા.

1. Write an essay on any <u>ONE</u> of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

   I. We have not treated our planet as Mother Earth and hence have lost rights as her sons.

   II. Should hate speech be protected in the name of freedom of expression?

   III. Literature offers optimism and hope in difficult times.

   IV. India's policy on Afghan refugees.

   V. Should Reserve Bank of India launch e-currency?.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

2. Imagine you are a Range Forest Officer. The department is looking forward to active participation from the corporate firms in the proposed plantation drive during this monsoon. Your senior officer has sought your opinion about the needful actions to be taken in order to make this plantation drive a big success. Write a letter, in about 150 words, to your senior officer suggesting necessary line of actions.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

3. Draft a Press appeal in about 150 words asking the visitors of Zoo to strictly follow Covid protocol.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

4. Write a report in about 150 words on your recently organized Nature Awareness Training Program for children educating them about the different types of snakes.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

5. Reflect on the following picture of a riverbed with meaningful observations in about 150 words.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15



6. The Forest Department of the state has organized a national-level seminar on protecting the endangered animal and bird species in the country. Draft a formal inaugural speech, in about 150 words, to be delivered by the honourable Forest Minister who is the chief guest of the online inauguration function of the program.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

7. Write a precis of the following passage in about one-third of its original length.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

Gandhi's greatest contribution to the social thought of this century is perhaps his insistence on decentralization of the means of production. There are many who are ready to give thoughtful consideration to his theory because it is the only way out of the problem of unemployment in this country. They argue that it is desirable to go in for decentralization because huge capital accumulation is needed to industrialize the country through large-scale industries. They also contend that because large scale industrialization presupposes the existence of foreign markets which this country cannot have, decentralization is the only cherishable goal. In other words, large-scale industrialization will be preferable in case the problems of capital formation and foreign market are solved. Now this line of reasoning constitutes a danger to the whole theory of decentralization as put forward by Gandhi. It would be wrong to presume that Gandhi propounded his theory only to suit Indian conditions. On the other hand, Gandhi's theory of decentralization was the result of his keen and almost prophetic insight into the numerous political, social and cultural ills of large-scale industrialization.

This is what Bertrand Russell has to say as regards Gandhi's concept of decentralization: "In those parts of the world in which industrialism is still young, the possibility of avoiding the horrors we have experienced still exists. India, for example is traditionally a land of village communities. It would be a tragedy if this traditional way of life with all its evils were to be suddenly and violently exchanged for the greater evils of industrialism and they would apply to people whose standard of living is already pitifully low..... " Therefore, one has only to understand the magnitude of those "horrors" of which Russell speaks, before one can truly appreciate Gandhi's idea of decentralization. (300)

8. Read the following passage carefully and answer questions that follow. (3 x 5 = 15)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

The fires in the Amazon region during last three years were unprecedented in their destruction. The Amazon rainforest covers approximately eight million square kilometres — an area larger than Australia — and is home to an astounding amount of biodiversity. It helps balance the global carbon budget by absorbing carbon dioxide from the atmosphere and plays a key role in the global water cycle, stabilizing global climate and rainfall.

As of 2019, an estimated 17 per cent of the Amazon’s Forest cover has been clear-cut or burned. As the rainforest bleeds biomass through deforestation, it loses its ability to capture carbon from the atmosphere and releases carbon through combustion. If the annual fires burning the Amazon are not curtailed, one of the world’s largest carbon sinks will progressively devolve into a carbon faucet, releasing more carbon dioxide than it sequesters.

While the global impacts are dire, the local impacts of these fires are also significant. Persistent poor air quality, which extends far into Brazil and other regions of South America, including in metropolitan centres like São Paulo, can lead to health problems. Roads are built and forests are cleared for timber production and agriculture. These destructive activities can lead to rapid extinctions and a severe loss of species richness anywhere that human encroachment occurs.

Many researchers predict that deforestation is propelling the Amazon towards a tipping point, beyond which it will gradually transform into a semi-arid savanna. If the deforestation of the rainforest continues past a threshold of 20-25 per cent total deforestation, multiple positive feedback loops will spark the desertification of the Amazon Basin.

**Questions:**

I. How is Amazon Rainforest significant for global climate?

II. What are the negative effects of deforestation on rainforest?

III. What are the local impacts of forest fires?

IV. What could happen according to the researchers?

V. Give a suitable title to the passage.

**9. Do as directed: (20 x 1 = 20)**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

Choose the correct answer from the given options and darken the circle ( ● ) as well as write the correct answer in the bracket ( CAPITAL LETTER) as per the sample given below.

Sample Ans.: ( C )  (A) ○  (B) ○  (C) ●  (D) ○  (E) ○

1. He was very upset yesterday because he _____ that he ______ his wallet.
   A. realised / will lose
   B. had realised / lost
   C. realised / had lost
   D. realises / loses
   E. has realised / lost

2. She __ the house when I __ to her after a long time.
   A. will be cleaning / go
   B. had been cleaning / went
   C. has been cleaning / have gone
   D. is cleaning / am going
   E. has cleaned / have been

3. The boy laughed at the beggar. *(Change the voice)*
   A. The beggar was laughed by the boy.
   B. The beggar was being laughed by the boy.
   C. The beggar was being laughed at by the boy.
   D. The beggar was laughed at by the boy?
   E. None of the above.

4. Let me do this. *(Change the voice)*
   A. Let us do this.
   B. This is to be done by me.
   C. Let this be done by me.
   D. Let I do this.
   E. None of the above

5. How kind of you to help her like that! *(Transform the given exclamatory sentence into assertive sentence)*
   A. How kind of you that you helped her like that.
   B. It is very kind of you to help her.
   C. You are very kind to help her like that.
   D. It is very kind of you to help her like that.
   E. None of the above

6. Ajay loved his parents. *(Transform the given sentence into negative without changing its meaning).*
   A. Ajay hates his parents.
   B. Ajay did not love his parents.
   C. Ajay does not love his parents.
   D. Ajay did not hate his parents.
   E. None of the above.

7. She said, "My brother is expected to be back today." *(Transform the given sentence into indirect).*
   A. She said that her brother was expected to be back that day.
   B. She said her brother was expected to be back today.
   C. She said that her brother was expected to be back today.
   D. She said that her brother was expected to be back this day.
   E. She said that her brother would be expected to be back today.

8. She informed me that he had met with a road accident. (*Transform the given sentence into direct).*
   A. She said to me, "He met with a road accident."
   B. She said to me, "Alas! He meets with a road accident."
   C. She said to me, "Has he met with a road accident?"
   D. She said to me, "He did meet with a road accident."
   E. She said to me, "She had meet with a road accident."

9. ____ players have won this competition before, so ____ of them could win today.

A. A few / all

B. Each / every

C. Every / no

D. Both / either

E. None / neither

10. I listened to some news on _____ radio about _____ man arrested for embezzlement last Tuesday.

A. every / the

B. the / (no article)

C. a / the

D. the / the

E. a / a

11. The modern era of Shakespeare scholarship has been marked _____ an enormous amount of investigation______ the authorship, text, and chronology of his plays.

A. from / at

B. by / into

C. down / over

D. out / of

E. in / for

12. As it had in World War I, Argentina proclaimed neutrality ____ the outbreak of World War II, but in the closing phase it declared war _____ the Axis powers.

A. over / after

B. for / with

C. at / on

D. about / through

E. from / above

13. **Scientists have discovered that our sense of smell is surprisingly _____, capable of distinguishing thousands of chemical odours.**

    A. rigid

    B. inanimate

    C. faulty

    D. keen

    E. reckless

14. **Bruce Lee was a/an ____ fighter: he inspired fear in many of his opponents.**

    A. serene

    B. timid

    C. insipid

    D. malleable

    E. redoubtable

15. **Choose the correct meaning of "to put one's hand to plough".**

    A. To take up agricultural farming

    B. To take a difficult task

    C. To get entangled into unnecessary things

    D. Take interest in technical work

    E. To start new business

16. **The cricket match proved to be a big draw. *(Choose the correct meaning of the underlined idiomatic expression)***

    A. keen contest

    B. huge attraction

    C. a lovely spectacle

    D. a game without any result

    E. None of the above

17. Choose the correct synonym of ‘paltry’.

    A. Insignificant

    B. Unfair

    C. Moderate

    D. Slovenly

    E. None of the above

18. Choose the antonym of ‘relinquish’.

    A. Abdicate

    B. Renounce

    C. Possess

    D. Deny

    E. Give up

19. Give one word substitution of ‘A hater of knowledge and learning’.

    A. Bibliophile

    B. Philologist

    C. Misogynist

    D. Misologist

    E. Mixologist

20. The king died ______.

    A. hareless

    B. heirless

    C. hairless

    D. airless

    E. heairless

10. **Translate the following passage from Gujarati into English**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

લોકમાન્ય ટિળકે અને થિયોસૉફિકલ સોસાયટીનાં ઍની બેસન્ટે 1915-16માં પોતપોતાની રીતે 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી. કનૈયાલાલ મુનશી, ઇન્દુલાલ યાજ્ઞિક અને જવાહરલાલ નહેરુ જેવા ઘણા જુવાનો હોમરૂલ આંદોલનમાં જોડાયા. સ્વદેશી આંદોલન પછીના એકાદ દાયકે થયેલા હોમરૂલ આંદોલનથી સ્વરાજની ચળવળમાં નવી ગતિ-નવું જોશ પેદા થયાં. ત્યારે ગાંધીજી ભારતમાં આવી ચૂક્યા હતા અને તે દેશનો તથા રાજકીય પ્રવાહોનો અભ્યાસ કરી રહ્યા હતા. ગાંધીજીના નક્કર અભિગમનો અને કહેણી-કરણી વચ્ચેની એકરૂપતાનો અનુભવ બધાને થવા લાગ્યો.

1917માં ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહની તાકાતનો પહેલો મોટો નમૂનો દેખાડ્યો. વલ્લભભાઈ જેવા અલિપ્ત રહેતા લોકો, હોમરૂલવાળા નેતાઓ અને કાકાસાહેબ-સ્વામી આનંદ જેવા ટિળકના અનુયાયીઓ ગાંધીજીની અનોખી કાર્યપદ્ધતિથી-તેમની સિદ્ધાંતનિષ્ઠાથી આકર્ષાતા ગયા. ઇન્દુલાલ યાજ્ઞિકે તેમનું ગુજરાતી સામયિક 'નવજીવન અને સત્ય' તથા શંકરલાલ બૅન્કરે તેમનું અંગ્રેજી સામયિક 'યંગ ઇન્ડિયા' ગાંધીજીને સોંપ્યાં. હોમરૂલ આંદોલનથી આવેલી સક્રિયતાનો કોંગ્રેસને સારો એવો લાભ મળ્યો. તેમાંથી કાર્યકરો પણ મળ્યા. ચંપારણ સત્યાગ્રહ અને ખેડા સત્યાગ્રહ જેવા સ્થાનિક પ્રશ્નો વિશેના સત્યાગ્રહોમાં વિશિષ્ટ પદ્ધતિ અને સત્યાગ્રહના અનોખા શાસ્ત્રને લીધે ગાંધીજી આખા દેશના નેતા તરીકે ઊભરતા ગયા. વયોવૃદ્ધ ટિળકના જીવતાંજીવ જાણે દેશની નેતાગીરીના ટોચના સ્થાને સહજ ક્રમમાં ગાંધીજીનું સ્થાન તૈયાર થયું. 1920માં ટિળકનું અવસાન થયું ત્યારે એ પ્રક્રિયા સંપૂર્ણ બની.

## RFM-3 - G.S.-1

| | | |
|---|---|---|
| 1. | **Discuss the economic activities and religious beliefs of the people of Indus Civilization.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 1. | સિંધુ સંસ્કૃતિના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક માન્યતાઓની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 2. | **Analyze the contribution of 'Gadar Party' in revolutionary activities.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 2. | ક્રાન્તિકારી પ્રવૃત્તિઓમાં 'ગદર પાર્ટી'ના પ્રદાનનું વિશ્લેષણ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 3. | **Compare the strategy of Sardar Vallabhbhai Patel regarding the merger of Junagadh and Hyderabad states.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 3. | જૂનાગઢ અને હૈદરાબાદ રાજ્યોના જોડાણ અંગેની સરદાર વલ્લભભાઈ પટેલની વ્યૂહરચનાની તુલના કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 4. | **Analyze how oral literature has become relevant in expressing the tribal social life in its real form?** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 4. | આદિવાસી સમાજ જીવનને તેના વાસ્તવિક સ્વરૂપમાં અભિવ્યક્ત કરવામાં તેમનું મૌખિક સાહિત્ય કેવી રીતે સમર્થક બન્યું છે તેનું વિશ્લેષણ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 5. | **"Rashtriya Shayar" Zaverchand Meghani was a personality having versatile talent being a distinguished poet, writer, researcher, freedom fighter, journalist, social reformer, thinker, orator and singer – Discuss.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 5. | 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી નામાંકિત કવિ, લેખક, સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની, પત્રકાર, સમાજસુધારક, વિચારક, વક્તા તેમજ ગાયક – એમ બહુમુખી પ્રતિભા ધરાવતા શખ્શિયત હતા. ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 6. | **Explain the characteristics of architecture form of Chalukya style temples of Gujarat with examples.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 6. | ગુજરાતના ચૌલુક્ય શૈલીના મંદિરોના સ્થાપત્ય-સ્વરૂપના લક્ષણો ઉદાહરણસહ સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 7. | **Explain the climate of Gujarat with reference to the factors affecting it.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 7. | ગુજરાતની આબોહવા તેના પર અસર કરતાં પરિબળોના સંદર્ભે વર્ણવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 8. | **Explain the demographic features of the tribals of Gujarat.** | |
| 8. | ગુજરાતના આદિવાસીઓની વસ્તી વિષેયક વિશેષતાઓ સમજાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

9. **Describe the environmental issues of Gujarat and suggest needful measures.**

9. **ગુજરાતના પર્યાવર્ણીય પ્રશ્નોનું વર્ણન કરો અને તે માટેના જરૂરી ઉપાયો સૂચવો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

10. **Discuss the similarities and differences between 'Internet of Things' (IOT) and 'Artificial Intelligence' (AI).**

10. **ઈન્ટરનેટ ઓફ થીન્ગઝ' (IOT) અને 'આર્ટીફીશીયલ ઈન્ટેલીઝન્સ' (AI) વચ્ચેની સામ્યતા અને ભેદની ચર્ચા કરો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

11. **In the modern world, different types of water conservation methods are in practice. Explain any three methods of water conservation.**

11. **આધુનિક વિશ્વમાં જળ સંરક્ષણની વિવિધ પ્રકારની રીતો પ્રચલિત છે. જળ સંરક્ષણની કોઈપણ ત્રણ રીતો સમજાવો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

12. **India's first indigenously developed Aircraft carrier INS Vikrant has begun its sea trials – Analyze its scientific and technical features.**

12. **ભારતના પ્રથમ સ્વદેશી રીતે વિકસાવાયેલા વિમાનવાહક INS વિક્રાન્તે તેની દરિયાઈ અજમાયશ શરૂ કરી દીધી છે. તેના વૈજ્ઞાનિક અને તકનીકી લક્ષણોનું વિશ્લેષણ કરો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

13. **Write a note on different vaccines developed for COVID-19 in India recently.**

13. . **ભારતમાં તાજેતરમાં COVID-19 માટે વિકસાવવામાં આવેલી વિવિધ રસીઓ (Vaccines) પર નોંધ લખો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

14. **Government of India has launched the fourth edition of Public Sector Bank Reforms Agenda called EASE 4.0 – Highlight its features.**

14. **ભારત સરકારે EASE 4.0 તરીકે જાણીતી જાહેર ક્ષેત્ર બેંક સુધારા એજન્ડાની ચોથી આવૃત્તિ શરૂ કરી છે. તેની વિશેષતાઓ જણાવો.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

મેળવેલ ગુણ / OBTAINED MARKS

15. **India has approved the ratification of Kigali Agreement to the Montreal Protocol – Discuss its impact on India.**

15. **ભારતે મોન્ટ્રીયલ પ્રોટોકોલની કિગાલી સમજૂતીની બહાલીને મંજૂરી આપી છે. ભારત પર તેના પ્રભાવની ચર્ચા કરો.**

કુલ ગુણ / TOTAL MARKS: 10

## RFM-4 - G.S.-2

1. **The word "democratic" in the Preamble is based on the doctrine of popular sovereignty – Discuss.**

1. આમુખમાં ''લોકતંત્રાત્મક'' શબ્દ લોકપ્રિય સાર્વભૌમત્વના સિદ્ધાંત પર આધારિત છે. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

2. **Explain the propositions laid down by the Supreme Court on the imposition of President's rule in a state.**

2. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા બાબતે સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલા સૂચનો સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

3. **The Indian Constitution is silent on many issues related to the position of the Vice President of India – Discuss.**

3. ભારતીય બંધારણ ભારતના ઉપરાષ્ટ્રપતિના હોદ્દાને લગતી ઘણી બાબતો પરત્વે મૌન છે. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

4. **The Constitution has made certain provisions to safeguard and ensure the independence of the Supreme Court – Discuss.**

4. બંધારણે સર્વોચ્ચ અદાલતનું રક્ષણ કરવા માટે અને તેની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે કેટલીક જોગવાઈઓ કરી છે. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

5. **The civil society organizations promote the cooperation between people and services rendered by the government – Explain.**

5. નાગરિક સમાજ સંસ્થાઓ લોકો અને સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વચ્ચેના સહકારને પ્રોત્સાહન આપે છે. સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

6. **PRAGATI is a multi-modal platform which aims at addressing the citizen grievances and also monitors the policy implementation – Elucidate.**

6. PRAGATI એક મલ્ટી-નોડલ પ્લેટફોર્મ છે કે જે નાગરિકોની ફરિયાદોનું નિવારણ કરવાનો ધ્યેય રાખે છે અને નીતિ અમલીકરણની દેખરેખ-નિયંત્રણ પણ કરે છે. ખુલાસાવાર સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

7. **Explain the role and functions of the United Nations Security Council.**

7. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ભૂમિકા અને કાર્યો સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

8. **Which key elements must be kept in mind while filing an application pertaining to Rights to Information Act in any government office?**

8. કોઈ પણ સરકારી કચેરીમાં માહિતી અધિકાર અધિનિયમ અન્વયેની અરજી કરતી વખત કઈ મુખ્ય બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

9. **Rules and regulations alone cannot create a peaceful society, ethics and social behaviour are also essential to create it. – Evaluate.**

9. ફક્ત નીતિ નિયમો જ શાંતિપૂર્ણ સમાજની રચના કરી શકતું નથી, નૈતિક અને સામાજિક વર્તણૂંક પણ તેની રચના માટે આવશ્યક છે. ખુલાસાવાર સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

10. **Discuss the utility of Emotional Intelligence in Administration and Governance.**

10. વહીવટ અને શાસનમાં ભાવાત્મક બુદ્ધિમત્તાની ઉપયોગિતાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

11. **What is the impact of social influence on public services?**

11. જાહેર સેવાઓ પર સામાજિક અસરનો પ્રભાવ શું છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

12. **High social consciousness among the employees will ensure more social responsibility – Discuss the various steps to develop social consciousness among the employees.**

12. કર્મચારીઓમાં ઉચ્ચ સામાજિક સભાનતા વધુ સામાજિક જવાબદારી સુનિશ્ચિત કરશે. કર્મચારીઓમાં સામાજિક સભાનતા વિકસાવવા માટેના વિવિધ પગલાઓની ચર્ચા કરો..

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

13. **Outline the various initiatives undertaken by the Government of India towards the promotion of Renewable Energy.**

13. નવીનીકરણીય ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલોની રૂપરેખા જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

14. **Explain the highlights and significance of National Monetization Pipeline.**

14. 'નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન'ની વિશિષ્ટતાઓ અને મહત્વ સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

15. **Discuss the role of Cooperative Banks in the development of the rural economy of Gujarat.**

15. ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં સહકારી બેંકોની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

## RFM-5 - G.S.-3

1. **Define silviculture. What are the objectives of studying it ?**

1. વનવૃક્ષવિજ્ઞાનની વ્યાખ્યા આપો. એનો અભ્યાસ કરવાના હેતુઓ શું છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

2. **Define saline soils. Describe the major physical, chemical and biological properties of such soils. How such soils are reclaimed ? Enlist two most salt tolerant tree species which occur naturally in such areas. What kinds of mechanism such type of species adopt to survive in such salty environment ?**

2. ખારાશવાળી જમીનની વ્યાખ્યા આપો. આવી જમીનોના ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મોનું વર્ણન કરો. આવી જમીનને નવસાધ્ય કેવી રીતે કરવામાં આવે છે ? આવા વિસ્તારોમાં કુદરતી રીતે થતી સૌથી વધુ ખારાશ સહનશીલ બે વૃક્ષ પ્રજાતિઓ જણાવો. આવા ખારાશવાળા વાતાવરણમાં જીવિત રહેવા માટે આ પ્રકારની પ્રજાતિઓ કયાં પ્રકારની પદ્ધતિઓ અપનાવે છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

3. **Define species diversity. How is it measured ? How is it related to the productivity and the stability of an ecosystem? Which was the experiment that resulted in providing tentative answer to the relationship of species diversity with productivity and stability of an ecosystem.**

3. જાતિવિવિધતાની વ્યાખ્યા આપો. એ કેવી રીતે માપવામાં આવે છે ? નિવસન તંત્રની ઉત્પાદક્તા અને સ્થિરતા સાથે તે કેવી રીતે સંબંધિત છે ? એ કયો પ્રયોગ હતો કે જેના પરિણામે, નિવસનતંત્રની જાતિ વિવિધતાનો તેની ઉત્પાદક્તા અને સ્થિરતા સાથેના સંબંધોનો કામ ચલાઉ જવાબ મળી શક્યો ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

4. **What is the purpose of Forest Working Plan ? What is basically included in it ? Mention the salient features of the current National Working Plan Code.**

4. વન કાર્ય યોજનાનો હેતુ શું છે ? તેમાં મૂળભૂત રીતે શાનો સમાવેશ થાય છે ? વર્તમાન રાષ્ટ્રીય વન કાર્ય યોજના સંહિતાની મુખ્ય વિશેષતાઓ જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

5. **Why does ecology matter to a forester ? Describe the various ecosystem services accruing from Terrestrial Forest ecosystem and the Mangrove Forest ecosystem.**

5. એક વનકર્મી માટે વન પરિસ્થિતિ વિજ્ઞાન કેમ મહત્વનું છે ? પાર્થિવ વન નિવસન પ્રણાલી અને મેન્ગ્રૂવ વન નિવસન પ્રણાલીથી મળતી વિવિધ વન નિવસન સેવાઓનું વર્ણન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

6. **Describe the different wildlife of the Grasslands of Gujarat. Which are the basic principles and strategies adopted for their conservation?**

6. ગુજરાતના ઘાસના મેદાનોના વિવિધ વન્યજીવોનું વર્ણન કરો. એમના સંરક્ષણ માટે કયા મૂળભૂત સિદ્ધાન્તો અને વ્યૂહરચનાઓ અપનાવવામાં આવે છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

7. **Throw light on the selection of the Tree species for Agro Forestry aimed at higher economic returns.**

7. ઉચ્ચ આર્થિક વળતર પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી, કૃષિવનીકરણમાં વૃક્ષ પ્રજાતિઓની પસંદગી પર પ્રકાશ પાડો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

8. **Describe in brief the policies and laws which came into existence from time to time for conservation and management of Forest, Wildlife, Biodiversity and Minor Forest produce in India.**

8. ભારતમાં વન, વન્યજીવ, જૈવવિવિધતા અને ગૌણ વન પૈદાશોના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે વખતોવખત અસ્તિત્વમાં આવેલ નીતિઓ અને કાયદાઓ વર્ણવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

9. **What do you mean by International Conventions? How do they differ from International Treaties ? How are they operationalized? Explain important conventions held up till now that focussed on climate change conservation of biodiversity, wetland and marine ecosystem and combating desertification. What has been India's response to these Conventions ?**

9. વૈશ્વિક સંમેલનોનો અર્થ શું છે ? તે વૈશ્વિક સંધિઓથી કઈ રીતે ભિન્ન છે ? તે કેવી રીતે કાર્યરત બને છે ? જળવાયુ પરિવર્તન, જૈવવિવિધતા, જળપ્લાવિત વિસ્તારો અને દરિયાઈ નિવસન તંત્રો ના સંરક્ષણ અને રણવિસ્તાર અટકાવવા ઉપર ભાર મૂકતા આજ સુધી યોજાયેલ મહત્વપૂર્ણ વૈશ્વિક સંમેલનો સમજાવો. આવા સંમેલનો પરત્વે ભારતનો પ્રતિભાવ શું રહ્યો છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

10. **How are the Forest types defined? Which factors limit the distribution of Forest types in terrestrial environment? What are the objectives of classifying the Forest types? Name the four Forest types occurring in Gujarat.**

10. જંગલના પ્રકારો કેવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ? કયા પરિબળો પાર્થિવ વાતાવરણમાં વનના પ્રકારોનું વિતરણ સીમિત કરે છે ? વનના પ્રકારોના વર્ગીકરણના હેતુઓ શું છે ? ગુજરાતમાં થતા વનના ચાર પ્રકારોના નામ જણાવો. (ગુજરાતમાં થતા ચાર વનના પ્રકારોના નામ જણાવો.)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

11. **Describe all those silvicultural characteristics of a tree species which should compulsorily be taken into consideration to achieve its success of artificial regeneration and management in the Forest.**

11. વૃક્ષ પ્રજાતિના એ તમામ વનવૃક્ષવિજ્ઞાનલક્ષી ગુણધર્મોનું વર્ણન કરો કે જે તેના વનમાં કૃત્રિમ પુનર્જનન અને વ્યવસ્થાપનની સફળતા પ્રાપ્ત કરવા માટે ફરજીયાતપણે ધ્યાને લેવાવવા જોઈએ.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

12. **Describe different silvicultural operations undertaken for the Forest stock improvement.**

12. વન સ્ટોક સુધારણા માટે હાથ ધરવામાં આવતી વનવૃક્ષવિજ્ઞાનની વિવિધ કામગીરીઓનું વર્ણન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

13. **Explain the difference between Social Forestry and Agroforestry. What is the purpose of Agroforestry? Describe progress of Agroforestry in Gujarat State since its inception.**

13. સામાજિક વનીકરણ અને કૃષિવનીકરણ વચ્ચેનો તફાવત સમજાવો. કૃષિવનીકરણનો શું હેતુ છે ? એના અસ્તિત્વમાં આવ્યા પછી ગુજરાત રાજ્યમાં કૃષિવનીકરણમાં થયેલ પ્રગતિનું વર્ણન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

14. **Give examples of three such ecosystems which have high productivity in spite of low nutrient environment all around. Mention the reasons for the higher productivity in such environment.**

14. એવા ત્રણ નિવસન તંત્રોના દૃષ્ટાંત આપો કે જે આસપાસ ઓછા પોષકતત્વો વાળું વાતાવરણ હોવા છતાં ઉચ્ચ ઉત્પાદક્તા ધરાવે છે. આવા વાતાવરણમાં ઉચ્ચ ઉત્પાદક્તા માટેના કારણો જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

15. **What are the kinds of man-animal conflicts observed in wildlife areas? Which are the reasons behind such conflicts? How can they be mitigated?**

15. વન્યપ્રાણી ક્ષેત્રોમાં માનવ-પ્રાણીઓ વચ્ચે કયા પ્રકારના સંઘર્ષ જોવા મળે છે ? આવા ઘર્ષણ પાછળના કારણો કયાં છે ? એનું શમન કેવી રીતે થઈ શકે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10